بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ,તા.02-09-2016 સ્થળ: કાલસરવે, જર્મની.

**આપણે આ નથી કહી શકતા કે જલસાનું સ્થાન અલ્લાહ ન કરે હજનું સ્થાન છે, જલસો એક ઇબાદત તો નથી પણ પ્રશિક્ષણ શિબિર જરૂર છે જે રૂહાનિયતમાં ઉન્નતિ માટે કાયમ કર્યો છે. તેમાં આપણે જો બુરી વાતો કરવી, ગાળો આપવી, ગંદી અને બેહૂદા વાતો, કિસ્સા સંભળાવવાનું કામ કરીશું તો ધ્યેય પુરો ન થશે. તો આમાં આપણે આ તમામ વાતોથી બચવું છે. જો આપણે નકામી વાતોથી બચીશું તો ખરેખર એક શાંતિ પૂર્ણ અને નેકીઓ ફેલાવવાનો માહોલ પૈદા થશે.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

અલ્લાહ તઆલાના ફઝલથી આજથી ત્રણ દિવસ માટે જમાઅત અહેમદિયા જર્મનીને પોતાનો વાર્ષિક સંમેલન યોજવાની તૌફીક મળી રહી છે અને આ જુમ્માની સાથે જ વાર્ષિક જલસો શરૂ થઇ રહ્યો છે. જમાઅતના લોકોના સુધાર માટે જલસા સાલાનાને યોજવાની બુનિયાદ જે અલ્લાહ તઆલાના આદેશથી હઝરત મસીહ મૌઉદ અ.સ.એ મુકી હતી તે પહેલાં જલસાને આ વર્ષે ૧૨૫ વર્ષ પૂર્ણ થવાના છે. તે જલસો જે કાદિયાનની નાની વસ્તીમાં થયો હતો અને મસ્જીદના એક ભાગમાં ૭૫ લોકોએ પોતાની અંદર પવિત્ર પરિવર્તન પૈદા કરવા અને દુનિયાના સુધાર અને ઇસ્લામના પૈગામને હઝરત મસીહ મૌઉદ અ.સ.ના સહાયક બનતાં દુનિયામાં ફેલાવાનો જે વાયદો કર્યો હતો તેનું પરિણામ આપણે આજે જોઇ રહ્યા છીએ કે અલ્લાહ તઆલાએ તેમના કામ અને તેમની નિય્યતોમાં એવી બરકત નાખી કે આજે અહીયા જર્મનીમાં જમાઅત અહેમદિયા અહીના મોટા મોટા કંપલક્સમાંથી એક સંપૂર્ણ કંપલક્સ જે વ્યાપક ક્ષેત્રફળમાં ફેલાયેલ છે તેમાં પોતાનો જલસો આયોજિત કરી રહી છે. કાદિયાનની નાનકડી વસ્તીના જલસામાં અલ્લાહ તઆલાએ એટલી બરકત નાખી કે આજે આ માર્ગ પર દુનિયાના લગભગ તમામ દેશોમાં જ્યાં જ્યાં જમાઅતો સ્થાપિત છે જલસાઓ આયોજિત થઇ રહ્યા છે અને તે જલસાનો પણ એજ હેતુ છે જે કાદિયાનના જલસાનો હઝરત મસીહ મૌઉદ અ.સ. એ બયાન ફરમાવ્યું હતું જેનું મેં હમણાં ટુંકમાં વર્ણન કર્યું.

માટે જો આપણે આ ઉદ્દેશથી અહીયા ભેગા થયા છીએ તો આપણે ભાગ્યશાળી છીએ કે અલ્લાહ તઆલાના ફઝલોના વારસદાર બનીશું, જો કોઇ મેળાની અવધારણા સાથે આવ્યા છે અથવા આપણામાંથી કોઇ પણ આવ્યો છે તો આ દુર્ભાગ્ય પૂર્ણ હશે કે અલ્લાહ તઆલાએ આપણને નેક કામ માટે એકત્ર થવા માટે કહ્યું અને આપણે એકત્ર પણ થયા પરંતુ નેક ઉદ્દેશોને પ્રાપ્ત કરવાના સ્થાન પર દુન્યિવી વાતોમાં પડી જઇએ. માટે અહીયા આવનાર પ્રત્યેક અહેમદી આ વાતને ધ્યાનમાં રાખે કે આ ત્રણ દિવસોમાં દુનિયાથી પૂર્ણ રૂપથી સંબંધ છોડી દે અને ત્યાર પછી પણ નેકીઓને કાયમ રાખવાની કોશિશ કરવાનો પ્રણ લઇને જઇએ. આ દિવસોમાં ફર્ઝ અને નવાફીલ ઇબાદતોની સાથે ઝીર્કે ઇલાહી પણ કરતાં રહે. ઝીર્કે ઇલાહી વિચાર પવિત્ર રહે છે અને અલ્લાહ તઆલા તરફ ધ્યાન રહે છે અને મનુષ્ય બુરાઈઓથી બચતો રહે છે. આ જ ઇબાદતનો ઉદ્દેશ છે અને ઝીર્કે ઇલાહી અનિવાર્ય ઇબાદતો તરફ પણ ધ્યાન અપાવે છે માટે આ વાતને પ્રત્યેકે યાદ રાખવી જોઇએ.

થોડા દિવસો સુધી ઇન્શા અલ્લાહ હજનું કર્તવ્ય અદા કરવામાં આવશે. અલ્લાહ તઆલાએ હજ કરનારને જે ત્રણ બુરાઇઓથી બચવા તરફ ધ્યાન અપાવ્યું છે તેમાંથી પ્રથમ રફત છે. કામ ઉત્પાદક વાતો તો તેનું અનુવાદ કરવામાં આવે જ છે પરંતુ તેનો અર્થ બુરી વાતો કરવું. ગાળો આપવી, ગંદી અને બેહૂદા વાતો કરવી, ગંદા કિસ્સા સંભળાવવા, વ્યર્થ અને નકામી વાતો કરવી, ગપ્પા મારવાની સભાઓ પણ છે આ બધી તેમાં સામેલ છે તો આ સ્પષ્ટ રૂપમાં તમામ

પ્રકારની વ્યર્થ અને નકામી તથા ગપ્પા મારવાની સભાઓ ભરવાથી મનાઇ કરી છે. પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે હજના દિવસોમાં ફસોક ન કરવું અર્થાત આજ્ઞાપાલન અને અનુપાલનથી બહાર ન નીકળવું. અલ્લાહ તઆલાની આજ્ઞા માનવી, જે નેકીનો માર્ગ તમોએ અપનાવ્યો છે તેને અપનાવતાં રહેવું અને બુરાઇ તરફ ન જવું. પછી અલ્લાહ તઆલા ફરમાવે છે કે હજના દિવસોમાં જિદાલ અર્થાત પ્રત્યેક પ્રકારના લડાઇ ઝગડાથી પૂર્ણ રીતે બચવું છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. એક સ્થાને ફરમાવે છે કે આપણા જલસામાં પણ આ વિચાર સાથે લોકો આવે જે સિદ્ધાંત અલ્લાહ તઆલાએ હજ દરમ્યાન બુરાઇઓથી બચવાનું વર્ણન કર્યુ છે તો અસાધારણ સુધાર થઇ શકે છે. ખરેખર આપે સુધાર માટે આ મોટી વાસ્તવિક અને સૈદ્ધાંતિક વાત બયાન ફરમાવી દીધી. આપણે આ નથી કહી શકતા કે જલસાનું સ્થાન અલ્લાહ ન કરે હજનું સ્થાન છે, જલસો એક ઇબાદત તો નથી પણ પ્રશિક્ષણ શિબિર જરૂર છે જે રૂહાનિયતમાં ઉન્નતિ માટે કાયમ કર્યો છે. તેમાં આપણે જો બુરી વાતો કરવી, ગાળો આપવી, ગંદી અને બેહૂદા વાતો, કિસ્સા સંભળાવવાનું કામ કરીશું તો ધ્યેય પુરો ન થશે. તો આમાં આપણે આ તમામ વાતોથી બચવું છે. જો આપણે નકામી વાતોથી બચીશું તો ખરેખર એક શાંતિ પૂર્ણ અને નેકીઓ ફેલાવવાનો માહોલ પૈદા થશે અને જલસાનો હેતુ પુરો થશે. પછી ફિસૂક જે અલ્લાહ તઆલાની આજ્ઞાકારીતાથી બહાર નિકળવાનો ગુનો છે તેનાથી બચવું છે આ મહત્ત્વની વાત છે કે આપણ સહી રૂપમાં જ્યારે ધાર્મિક ઉદ્દેશ માટે આવ્યા છીએ અલ્લાહ તઆલાની આજ્ઞાપાલનનો બોઝ પોતાની ગર્દન પર હંમેશા રાખીએ.

આમ, સારાંશ એ કે આપણે કુરાનના શિક્ષણને આપણા ઉપર લાગુ કરતાં અલ્લાહ તઆલાની ઇબાદતનો અધિકાર પણ અદા કરવો છે અને બાકી આદેશનું પાલન પણ કરવું છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ જલસાનો જે ઉદ્દેશ વર્ણન કર્યો છે તે આ જ ત્રણ વાતોની આસ પાસ વાસ્તવ ફરે છે કે પોતાના સુધારનો અવસર મળે, આપણી આત્માનો સુધાર થાય, વ્યર્થ વાતોથી પરહેઝ થાય, અલ્લાહ તઆલાનો ધ્યાન પૈદા થાય અને તેની આજ્ઞાઓ પર પૂર્ણ આજ્ઞાકારિતાથી ચાલવા તરફ વિશેષ ધ્યાન પૈદા થાય અને પોતાના ભાઇઓથી ખાસ સંબંધ પ્રેમ અને ભાઇચારો સ્થાપિત થાય અને તમામ પ્રકારના સ્વાર્થ અને ઝગડાને ખતમ કરે. માટે જલસામાં સામેલ થનાર પ્રત્યેક વ્યકિત એ યાદ રાખવું જોઇએ કે તે જ્યાં આ દિવસોમાં દરેક નાનીનાની વાતોમાં પોતાની આત્મા સુધાર તરફ ધ્યાન આપે છે પોતાનો સમય આમ તેમ બર્બાદ કરવા કરતાં જલસામાં સામેલ થવાના હેતુ પુરા કરે અને જલસાના તમામ કાર્યક્રમ સાંભળે. જલસાનો વાસ્તવિક ફૈઝ મેળવવા માટે અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની દુઆઓના વારસદાર બનવા માટે જેમના જુના ઝગડા ચાલી રહ્યા છે તેને પણ સુલેહ કરીને સમાપ્ત કરવા જોઇએ. પોતાના અહંકાર સમાપ્ત કરે.

અલ્લાહ તઆલા ફરમાવે છે : વાસ્તવમાં સફળ થઇ ગયા તે મોમિન જે પોતાની નમાઝોમાં વિનમ્રતા કરે છે અને નકામી વાતોથી બચનાર છે. અલ્લાહ તઆલાના પૂર્ણ આજ્ઞાપાલક બનતાં નમાઝો પઢો. અમુક વાર લોકો મને લખે છે કે જલસાના દિવસોમાં વિનમ્રતા અને વિનયની નમાઝોનો તેમને ખુબ આનંદ મળે છે તો આ સુખને પ્રાપ્ત કરવા માટે પ્રત્યેકે કોશિશ કરવી જોઇએ જેથી તે મોમિનોમાં સામેલ થનાર બની જઇએ જે કલ્યાણ કરનાર છે જે સફળ છે પરંતુ અલ્લાહ તઆલા કલ્યાણ મેળવનાર અને સફળ થનાર લોકો માટે વિભિન્ન માધ્યમ બતાવ્યા છે બીજુ માધ્યમ અલ્લાહ તઆલાએ નકામી વાતોથી દુર રહેવુ કહ્યું છે. માટે આ તરફ પ્રત્યેક અહેમદીએ જલસાના દિવસોમાં અને બાકી દિવસોમાં પણ ખાસ ધ્યાન રાખવું જોઇએ. પ્રત્યેક પ્રકારનો જુઠ, પ્રત્યેક પ્રકારનો ગુનો, તાસ, જુગાર, ગપ્પા મારવા, આરોપ કાઢવા, આ બધી વાતો તેમાં સામેલ છે. આપણે અલ્લાહ તઆલાનો આભાર માનવો જોઇએ કે તેણે આપણને તૌફીક આપી કે આપણે યુગના ઇમામને સ્વીકાર્યા જેણે આપણને વારંવાર આ નકામી વાતોથી બચવા તરફ ધ્યાન અપાવ્યું છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. એક સ્થાને વ્યર્થ અને નકામી વાતો વિશે વર્ણન ફરમાવતાં ફરમાવે છે કે રિહાઈ પ્રાપ્ત મોમિન તે લોકો છે જે લોકો વ્યર્થ કાર્યો અને નકામી વાતો અને ખરાબ હરકતો વ્યર્થ સભાઓ અને ખરાબ

સોબતો અને ખરાબ સંબંધો અને ખરાબ જોશોથી દુર થઇ જાય છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ તમામ વ્યર્થ અને નકામી વાતોનો પરિચય કરાવી દીધો છે. હવે જેટલી વાતો હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ઉલ્લેખ કર્યો છે તે તમામ એક બીજાથી જોડાયેલી છે. એક વ્યર્થ કાર્ય બીજા વ્યર્થ કાર્ય તરફ લઇ જાય છે અને જો વિચાર કરીએ તો વ્યર્થ કાર્ય નકામી વાતો અને ખરાબ હરકતો જેનાથી થાય છે તે ખરાબ સભામાં બેસનાર હોય છે ખરાબ લોકોની સોબત અને મેળ મેલાપથી સંબંધથી પૈદા થાય છે પરંતુ આપણા જલસામાં આવનારમાં આ દિવસોમાં એવું શુદ્ધ પરિવર્તન પૈદા થવું જોઇએ માત્ર જલસાના દિવસોમાં જ નહી બલ્કે બાદમાં પણ આપણી સોબતમાં બેસનાર હંમેશા વ્યર્થ અને નકામી વાતોથી પરહેઝ કરનાર હોય, એવી સભા હોય જેમાં બેસનાર કદાપી રદ નથી કરવામાં આવતાં. અલ્લાહ તઆલા સામે કબૂલ થનાર લોકો હોય છે. આપણા આચરણ ઉચ્ચ હોય, આપણી સચ્ચાઇની ગુણવત્તા ઉચ્ચ હોય જે બીજાને પણ આપણા વ્યવહારીક નમૂના જોઇને સારૂ પરિવર્તન પૈદા કરનાર બનાવી દે.

એક સ્થાને આપણને નસીહત ફરમાવતાં હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે એક બીજી વાત પણ મહત્ત્વપૂર્ણ છે જે આપણી જમાઅતએ યાદ રાખવી જોઇએ અને તે એ છે કે જીભને વ્યર્થ વાતોથી આઝાદ રાખવી જોઇએ. ફરમાવ્યું કે જીભ અસ્તિત્વનો ઊંબરો છે અને જીભને શુદ્ધ કરવાથી માનો ખુદા તઆલા અસ્તિત્વના ઊંબરા પર આવી જાય છે જ્યારે ખુદા તઆલા ઊંબરા સુધી આવી ગયો તો અંદર આવવામાં શું આશ્ચર્ય છે. ઊંબરો શું છે ઊંબરો કહે છે કોઇ ઘરના મુખ્ય દરવાજાને જ્યારે ખુદા તઆલા આપના ઘરની નિકટ દરવાજા પર આવી ગયો તો આપ કહે છે કે તે અંદર આવવું કોઇ દુર નથી કોઇ આશ્ચર્ય નથી કરી શકતું કે તે અંદર ન આવશે. માટે અલ્લાહ તઆલા વ્યર્થ અને નકામી વાતોથી બચનાર અને ઉત્તમ ચરિત્ર દેખાડનાર નરમ ઝુબાનનો ઉપયોગ કરનારની નજીક થઇ જાય છે અને એટલો નજીક થઇ જાય છે કે જો નેકીઓમાં નિયમિત રહ્યા તો ખુદા તઆલા તો એવા લોકો પર પોતાનો ફઝલ ફરમાવતાં તેમને પોતાનો બનાવી લે છે. અલ્લાહ તઆલાનું ઘરમાં આવવું એ છે કે પોતાના બંદાને પોતાનો બનાવી લે અને જ્યારે અલ્લાહ તઆલા પોતાનો બનાવી લે છે તો ઇબાદતમાં વધવાની અને નેકીઓમાં વધવાની ઇન્સાનને તાકાત મળતી જાય છે. માટે નેકીઓથી નેકીઓ પૈદા થાય છે અને અલ્લાહ તઆલાની નિકટતાના માર્ગો ખુલતાં જાય છે . આપણે અહીયા આવ્યા છીએ જેવું કે મેં પહેલાં પણ કહ્યું કે અલ્લાહ તઆલાની ખુશી હાસેલ કરવા માટે, પોતાનાની અંદર પવિત્ર પરિવર્તન પૈદા કરવા માટે. જયારે આ ઉદ્દેશ છે તો માત્ર ભાષણ સાંભળીને જ્ઞાનનો આનંદ ઉઠાવવાથી આ લક્ષ્ય હાસેલ નથી થઇ શકતો જ્યાં સુધી આપણા અંદર વ્યવહારીક પરિવર્તન પૈદા ન કરીએ અને વ્યવહારીક પરિવર્તન માટે જ્યાં ઇબાદત કરતાં અલ્લાહ તઆલાનો અધિકાર અદા કરવો છે ત્યાં ઉચ્ચ નૈતિકતા અને વ્યર્થ કાર્યોથી બચીને એક બીજાનો અધિકાર અદા કરવો છે. માટે આ તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. આ અલ્લાહ તઆલાનો ફઝલ છે કે તેણે આપણી ભૂલોને છુપાવી છે અને આપણી ભૂલો બીજા લોકો સામે નથી આવતી નહીતર આપણામાંથી પ્રત્યેક પોતાની સમીક્ષા કરે તો આપણને માલુમ થઇ જશે કે કેટલી ભુલો આપણામાં છે અને આ કમજોરીઓ જમાઅત અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ના નામને બદનામ કરવાનું કારણ બની શકે છે માટે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ પોતાની જમાઅતને નસીહત કરતાં ફરમાવ્યું કે અમારી તરફ સમ્બંધિત થઇને અમને બદનામ ન કરો. જો આપણી ઇબાદતની ગુણવત્તા સારી નથી તો આપણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને બદનામ કરવાનું કારણ બની રહ્યા છીએ. જો આપણા ચરિત્ર સારા નથી તો આપણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને બદનામ કરવાનું માધ્યમ બની રહ્યા છીએ.માટે આપણે અહેમદીઓ પર એક ખુબ મોટી જીમ્મેદારી છે અને આપણે આપણી સમીક્ષા કરતાં રહેવાની જરૂર છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. એક અવસરે નસીહત કરતાં ફરમાવ્યું કે જે વ્યકિત ઇમાન કાયમ રાખવા ઇચ્છે છે તે સારા કર્મમાં ઉન્નતિ કરે. માટે આ દિવસોમાં અને હંમેશા પોતાની નમાઝોમાં વિનય તથા વિનમ્રતા પૈદા કરવાની કોશિશ કરવી જોઇએ જેથી ખુદા તઆલાથી આપણો સંબંધ મજબુત થાય અને અને આ જલસામાં સામેલ થવાનો વાસ્તવિક ઉદ્દેશ તો એ જ છે કે આપણે રૂહાની પ્રગતિ કરીએ આપસમાં સારા સંબંધ અને એક બીજાની ભાવનાઓનો

ખ્યાલ રાખવા તરફ ધ્યાન અપાવતાં આપએ ફરમાવ્યું જે રીતે રિફક નમ્રતા અને નરમીથી પોતાની ઔલાદ સાથે મામલો કરો છો તેવી જ રીતે આપસમાં ભાઇઓ સાથે કરો. ફરમાવ્યું કે જેના ચરિત્ર સારા નથી મને તેના ઇમાનનો ખતરો જણાય છે કારણ કે આ અહંકારનું એક મૂળ છે આપ અ.સ. ફરમાવે છે કે અહંકાર કરનાર બીજાનો વાસ્તવિક હમદર્દ નથી થઇ શકતો. પોતાની સહાનુભૂતિ ફકત મુસ્લિમો સુધી જ સીમિત ન રાખશો બલ્કે પ્રત્યેક સાથે રાખો ચાહે તે મુસલમાન હોય અથવા બિન મુસ્લિમ, પ્રત્યેક સાથે સહાનુભૂતિ કરો. ફરમાવ્યું કે ખુદા દરેકનો રબ છે માત્ર મુસલમાનોનો જ ખુદા નથી હાં મુસલમાનોની વિશેષ રૂપથી સહાનુભૂતિ કરો.

આમ, આ તે ઉપદેશો છે જે આપણને પોતાની અંદર આધ્યાત્મિક પરિવર્તન પૈદા કરવા વાળો બનાવી શકે છે અલ્લાહ તઆલા કરે કે આપણે જલસાથી વાસ્તવિક ફૈઝ મેળવનાર થઇએ અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની દુઆઓના વારસદાર બનીએ.

*******

Khulasa Khutba Jumma Huzoor Anwar 02 September 2016

BOOK POST (Printed Matter)

To.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.